# આજે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનનું CJPનું એલાન



## NEET વિરોધમાં મુંબઈની 'ગ્રે હૂડી ગર્લ'નો વીડિયો વાઈરલ

મુંબઈ, તા. ૨૩(PTI): NEET પેપર લીક અંગે કોકરોચ જનતા પાર્ટી(CJP)ના વિરોધ પ્રદર્શનના સમર્થનમાં મુંબઈમાં યોજાયેલા આંદોલન દરમિયાન, ભારે વરસાદ વચ્ચે પોલિસ વાહનને રોકવા માટે હાથ ફેલાવીને મક્કમ ઊભેલી ગ્રે હૂડી પહેરેલી એક યુવતીની તસવીર આ વિરોધ પ્રદર્શનની સૌથી પ્રભાવશાળી ક્ષણોમાંથી એક બની ગઈ છે. દિલ્હીમાં પરીક્ષામાં ગેરરીતિઓને લઈને CJPનું વિરોધ પ્રદર્શન ચાલુ હતું, ત્યારે 'સંસદ ચલો' માર્ચ દરમિયાન આંદોલનકારીઓ પર થયેલી કથિત પોલીસ બર્બરતાની નિંદા કરતા બુધવારે દેશની આર્થિક રાજધાનીના રસ્તાઓ પર યુવાનો ઉતરી આવ્યા હતા. આ વિરોધ પ્રદર્શનના વ્યાપકપણે વાયરલ થયેલા વીડિયોમાં, યુવતી અટકાયત કરાયેલા પ્રદર્શનકારીઓને લઈ જઈ રહેલા પોલીસ વાહનને રોકતી જોવા મળે છે, જ્યારે તેની સાથેના અન્ય પ્રદર્શનકારીઓ નારેબાજી કરી રહ્યા હતા જેના કારણે વ્યસ્ત રસ્તા પર વાહન વ્યવહાર થંભી ગયો હતો. તેના ઈન્સ્ટાગ્રામ બાયો અનુસાર, રિયા તરીકે ઓળખાયેલી આ મહિલા એક અભિનેત્રી, મોડેલ અને ઉદ્યોગસાહસિક (એન્ટરપ્રિન્યોર) છે. ઈન્સ્ટાગ્રામ પર તેના લગભગ એક લાખ ફોલોઅર્સ છે અને તે મ્યુઝિક વિડીયોઝમાં જોવા મળી છે. તે 'દિલબારા' વિડીયો સોંગમાં ચમકી હતી. જ્યારે તેમનું આ પગલું મુંબઈમાં વિરોધ પ્રદર્શનની સૌથી મહત્ત્વની ક્ષણોમાંથી એક બની ગયું, ત્યારે બીજા એક વાયરલ વિડીયોમાં યુવાનોનું એક જૂથ પોલીસ વાનનો પીછો કરતું અને અટકાયત કરાયેલા સાથી પ્રદર્શનકારીઓને મુક્ત કરવા માટે ચાલતા વાહનની પાછળનો દરવાજો બહારથી ખોલતું કેદ થયું હતું, જેના પછી પ્રદર્શનકારીઓ તેમાંથી બહાર નીકળી ગયા હતા.

### વાટાઘાટોની સરકારની દરખાસ્ત ફગાવીને દરેક જિલ્લામાં વિરોધ કાર્યક્રમોની હાકલ

### સમગ્ર દેશમાં 'દરેક જિલ્લો એક દિવસ એક માંગ'ના સૂત્ર હેઠળ સભાઓ યોજાશે

નવી દિલ્હી, તા. ૨૩: કોકરોચ જનતા પાર્ટી (CJP)એ ૨૪ જુલાઈએ દેશવ્યાપી શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું છે. સરકારી વાટાઘાટોની ઓફરને ફગાવી દેતાં પક્ષે દરેક જિલ્લામાં પ્રદર્શન કરવા વિનંતી કરી છે. CJP એ એવું પણ કહ્યું કે પેપર લીક સામે પગલાં લેવા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરાતમાં જવાબદારી અથવા તો નીટ પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની તેમની મુખ્ય માગણીનો કોઈ ઉલ્લેખ નથી. શુક્રવારના વિરોધ પ્રદર્શન અંગે CJP એ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં 'દરેક જિલ્લો. એક દિવસ. એક માંગ'ના સૂત્ર હેઠળ સભાઓ યોજાશે, જ્યાં સહભાગીઓ પ્રદર્શનકારીઓની માંગણીઓ વાંચી સંભળાવશે અને ૨૦ જુલાઈએ દિલ્હીમાં પોલીસ કાર્યવાહીમાં ઘવાયેલા વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્યો પ્રત્યે એકજૂથતા વ્યક્ત કરશે.

### જંતર મંતરના વિસ્તારમાં ઇન્ટરનેટ બંધ

**દિલ્હીમાં** આંદોલનકારીઓની ભીડ, ૧૭ મેટ્રો સ્ટેશનો બંધ રહ્યા

**દેખાવકારો** પર ત્રાટકવાની યોજનાની અટકળો દિલ્હી પોલીસે નકારી

ધરણા સ્થળે ભારે ભીડ અને સુરક્ષા બંદોબસ્ત ચાલુ રહ્યો હતો, જેના કારણે સતત બીજા દિવસે મધ્ય દિલ્હીના મોટાભાગના વિસ્તારોમાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. ગુરુવારે દિલ્હી મેટ્રોના ૧૭ સ્ટેશનો બંધ રહ્યા હતા, જેનાથી મુસાફરો અને વેપારીઓને અસર થઈ હતી. આ સાથે જ જંતર મંતરના ૧.૫ કિલોમીટરના વિસ્તારમાં મધ્યરાત્રિ સુધી મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ પણ સ્થગિત કરી દેવામાં આવી હતી. વાહનવ્યવહારના નિયંત્રણો અને બેરિકેડિંગને કારણે કનોટ પ્લેસ, આઈટીઓ, પાર્લમેન્ટ સ્ટ્રીટ અને ઈન્ડિયા ગેટ આસપાસના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામ થયો હતો, જેથી ઘણા વાહનચાલકોએ ભારે વિલંબ થવાની ફરિયાદ કરી હતી. નિયંત્રણો મૂક્યા બાદ ગુરુવારે રાત્રે આંદોલનકારીઓ પર ત્રાટકવામાં આવશે એવી અટકળો દિલ્હી પોલીસે ફગાવી દીધી છે અને કહ્યું છે કે આવી કોઇ યોજના નથી. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ શંકા વ્યક્ત કરી હતી.

આ દેશવ્યાપી આહ્વાન એવા સમયે આવ્યું છે જ્યારે રાષ્ટ્રીય રાજધાનીમાં કડક સુરક્ષા, વિરોધ સ્થળની આસપાસ ચાલુ રહેલા નિયંત્રણો અને ૨૦ જુલાઈની પોલીસ કાર્યવાહી પર વધતા રાજકીય હુમલાઓ વચ્ચે જંતર મંતર પર વિરોધ પ્રદર્શન નવા તબક્કામાં પ્રવેશ્યું છે. નિયંત્રણો હોવા છતાં, ધરણા સ્થળે ભીડ ઉમટી પડી હતી અને લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. CJP એ એવો પણ આક્ષેપ કર્યો હતો કે તેના આંદોલનને ખોરવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. CJP ના સ્થાપક અભિજીત દીપકે દાવો કર્યો હતો કે વિરોધ સ્થળે ગડબડ ઊભી કરવા અને બાદમાં પ્રદર્શનકારીઓને દોષી ઠેરવવા માટે બહારના લોકો અને ભાજપના ગુંડાઓને મોકલવામાં આવી રહ્યા છે, જે આક્ષેપોને ભાજપે ફગાવી દીધા છે. CJP ના પ્રવક્તા સૌરવ દાસે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં કથિત રીતે સાદા કપડામાં લાકડીઓ લઈને યુવકો પ્રદર્શનકારીઓને ધમકી આપતા દેખાય છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે આવી જ એક વ્યક્તિએ જંતર મંતરની અંદર એક સગીર પ્રદર્શનકારીના પિતા પર હુમલો કર્યો હતો અને માંગ કરી હતી કે દિલ્હી પોલીસ એસસી/એસટી (SC/ST) એક્ટ સહિતની કડક કાનૂની જોગવાઈઓ લાગુ કરે અને આરોપીને અટકાયતમાં લે. પોલીસ એ પણ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે કે શું બહારના લોકો અને રીઢા ગુનેગારો પ્રદર્શનોમાં ઘૂસી ગયા હતા અને હિંસામાં ભાગ ભજવ્યો હતો.

### આજે બપોરે CJPની સરકાર સાથે બેઠક

**બેઠક** બપોરે 12.30 વાગ્યે યોજાશે, પરંતુ તેનું સ્થળ જાહેર કરવામાં આવ્યું નથી

નવી દિલ્હી, 23 જુલાઇ (PTI): કોકરોચ જનતા પાર્ટીનું એક પ્રતિનિધિમંડળ શુક્રવારે સરકારી મંત્રીઓ સાથે મુલાકાત કરશે, તેમ સૂત્રોએ જણાવ્યું છે. આ બેઠક બપોરે 12.30 વાગ્યે યોજાશે, પરંતુ તેનું સ્થળ જાહેર કરવામાં આવ્યું નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, NEET પેપર લીક મામલે ચાલી રહેલા ગતિરોધને દૂર કરવા માટેની તીવ્ર આંતરિક વાટાઘાટો પછી આ નિર્ણય લેવાયો છે. NEET પેપર લીક મુદ્દે CJP જંતર-મંતર પર ધરણા કરી રહ્યું છે, જેમાં તેઓ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની અને શિક્ષણ પ્રણાલીમાં મોટા સુધારાની માંગ કરી રહ્યા છે.

### ભાજપના પીઢ નેતા મુરલી મનોહર જોષી વિદ્યાર્થીઓના સમર્થનમાં

**વિપક્ષી** નેતાઓની આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓને શ્રદ્ધાંજલિ ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશી પણ વિદ્યાર્થીઓના સમર્થનમાં આગળ આવ્યા હતા. X(ટ્વિટર) પરની એક પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે, પરીક્ષા પદ્ધતિને લઈને તેમની ચિંતાઓ અને આશંકાઓ વ્યાજબી છે. જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ જંતર-મંતર ખાતે આંદોલનકારીઓને સંબોધિત કર્યા હતા અને પરીક્ષા પ્રક્રિયામાં ન્યાય તથા પારદર્શિતાની માંગ કરતી વખતે વિપરિત હવામાન પરિસ્થિતિઓનો સામનો કરવા બદલ યુવાનોના વખાણ કર્યા હતા. વિપક્ષ ઇન્ડિયા ગઠબંધનના નેતાઓએ આજે સાંજે તે વિદ્યાર્થીઓને રાહુલ ગાંધીની આગેવાનીમાં ગાંધી સ્મૃતિ ખાતે ભેગા થઇને શ્રદ્ધાંજલિ આપી હતી જેમણે પેપર લીકને કારણે આત્મ હત્યાઓ કરી હતી.

## "ખિસ્સામાં 25 ગ્રામ ડ્રગ્સ નાખી દઈશ"

**NEET** વિરોધ કરનારાઓને મુંબઈ પોલીસની ધમકીનો વીડિયો વાયરલ!

એ પોલીસને ડ્યુટી રોસ્ટરમાંથી હટાવાયો

મુંબઈ, તા. 23: મુંબઈ પોલીસના એક જવાનનો વીડિયો સામે આવ્યો છે, જેમાં તે નીટ પેપર લીક વિરુદ્ધ પ્રદર્શન કરી રહેલા લોકોને ડ્રગ્સ કેસમાં ફસાવવાની ધમકી આપતો જોવા મળી રહ્યો છે.

આ વીડિયો મુંબઈ કોંગ્રેસે પોતાના એક્સ હેન્ડલ પર પોસ્ટ કર્યો છે. તેમાં પ્રદર્શનકારીઓ પોલીસ વાનમાં બેઠેલા છે. ડ્રાઈવિંગ સીટ પર બેઠેલો જવાન તેમને કહી રહ્યો છે-

"પાછો અહીં દેખાયો તો મારા જેવો ખરાબ માણસ કોઈ નથી. હું સીધું ૨૫-૨૫ ગ્રામ ડ્રગ્સ ખિસ્સામાં નાખી દઈશ. પછી ગયો જિંદગી માટે."

આ વીડિયો એ જ પ્રદર્શનકારીઓએ બનાવ્યો છે જેમને જવાન ધમકાવી રહ્યો હતો. જોકે, આ વીડિયો કઈ જગ્યાનો છે તે અંગે અત્યારે માહિતી સામે આવી નથી.

વાસ્તવમાં, છેલ્લા કેટલાક દિવસોથી નીટ પેપર લીક, સીજેપી અને સોનમ વાંગચુકના સમર્થનમાં શિવાજી પાર્ક, ચેમ્બુર, આઝાદ મેદાન જેવી જગ્યાઓ પર વિરોધ-પ્રદર્શનો થઈ રહ્યાં છે.

મુંબઈ પોલીસે ગુરુવારે તપાસના આદેશ આપ્યા હતા અને એક પોલીસ ડ્રાઈવરનો વાયરલ વીડિયો સામે આવ્યા બાદ તેને ડ્યુટી રોસ્ટરમાંથી હટાવી દીધો હતો, જેમાં તે કથિત રીતે વિદ્યાર્થી પ્રદર્શનકારીઓને જો તેઓ વિરોધ કરવા પાછા ફરશે તો ખોટા નાર્કોટિક્સ કેસમાં ફસાવવાની ધમકી આપતો જોવા મળ્યો હતો.

આ ઘટનાથી ભારે રાજકીય આક્રોશ ફાટી નીકળ્યો હતો.

## ઈન્વેન્ટરી-આધારિત ઈ-કોમર્સ મોડલમાં FDIને સરકારની મંજૂરી

**માત્ર** નિકાસના હેતુસર ઇ-કોમર્સ કંપનીઓને સીધા વિદેશી રોકાણની મંજૂરી

**આ** કંપનીઓ માત્ર ભારતમાં ઉત્પાદિત અથવા ભારતમાં પ્રોસેસ કરેલી વસ્તુઓની જ નિકાસ કરી શકશે

### ચીનની સરખામણીમાં ભારતની ઇ-કોમર્સ નિકાસ ખૂબ જ ઓછી

એક અંદાજ મુજબ, ચીનની 350 બિલિયન ડોલરની સરખામણીમાં ભારતની ઈ-કોમર્સ નિકાસ હાલમાં માત્ર 2 બિલિયન ડોલરની આસપાસ છે. વૈશ્વિક ઈ-કોમર્સ વેપાર હાલમાં લગભગ 800 બિલિયન ડોલરનો છે અને 2030 સુધીમાં તે 2 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે.

નવી દિલ્હી, તા. 23(PTI): સરકારે ગુરુવારે માત્ર નિકાસ હેતુ માટે ઈન્વેન્ટરી-આધારિત ઈ-કોમર્સ મોડલમાં FDIની મંજૂરી આપી છે. આ પગલાથી નાના છૂટક વેપારીઓના વ્યવસાય પર કોઈ અસર પડ્યા વિના ભારતમાંથી થતી નિકાસ વધારવામાં મદદ મળશે.

આવી કંપનીઓએ ભારતમાં ઉત્પાદિત અથવા પ્રક્રિયા કરેલી વસ્તુઓની જ નિકાસ કરવાની રહેશે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે વેચાણ માટે ઈન્વેન્ટરી-આધારિત ઈ-કોમર્સ રિટેલિંગમાં FDIની મંજૂરી આપવામાં આવી નથી.

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ એ એક પ્રેસ નોટમાં જણાવ્યું હતું કે, ભારતીય વેચનાર માટે વૈશ્વિક બજારોની સરળ અને વધુ પહોંચ દ્વારા નિકાસને પ્રોત્સાહન આપવા માટે, વર્તમાન FDI નીતિની સમીક્ષા કરવામાં આવી છે.

## ગુજરાતી અમિશ શાહની એરિઝોના પ્રાઈમરીમાં ઐતિહાસિક જીત

**એરિઝોનામાં** ડેમોક્રેટિક કોંગ્રેસનલ કેમ્પેઇન કમિટીના ટેકાવાળા માર્લેન ગેલન-વુડ્સને હરાવ્યા, યુએસ કોંગ્રેસની ચૂંટણીમાં આપશે ટ્રમ્પ સમર્થિત ઉમેદવારને ટક્કર

વોશિંગ્ટન, તા. 23(PTI) ભારતીય મૂળના તબીબ અમિષ શાહે એક તીવ્ર સ્પર્ધામાં સ્થાપિત હિતોના ટેકાવાળા ઉમેદવારને હરાવીને એરિઝોનાના પ્રથમ ડિસ્ટ્રિક્ટ માટે ડેમોક્રેટિક કોંગ્રેસનલ પ્રાઈમરીમાં જીત મેળવી છે. 48 વર્ષીય શાહ, જેઓ પોતાની ઘરે-ઘરે જઈને પ્રચાર કરવાની શૈલી માટે જાણીતા છે – જેમાં તેમણે લગભગ 28,000 ઘરો સુધી પહોંચ સાધી હતી – તેઓ નવેમ્બરમાં યુએસ કોંગ્રેસની ચૂંટણી માટે અણધારી ટક્કરમાં ફેડરલ ઉમેદવાર તરીકે ઝંપલાવશે.

તેઓ રિપબ્લિકન ઉમેદવાર અને એનએફએલ (NFL) કિકર જે ફીલી સામે ચૂંટણી લડશે, જેમને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું સમર્થન પ્રાપ્ત છે. એરિઝોના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના ત્રણ ટર્મ સુધી સભ્ય રહી ચૂકેલા શાહે ભૂતપૂર્વ બ્રોડકાસ્ટ પત્રકાર માર્લેન ગેલન-વુડ્સને હરાવ્યા હતા, જેમને ડેમોક્રેટિક કોંગ્રેસનલ કેમ્પેઈન કમિટીનું સમર્થન હતું.

ગેલન-વુડ્સ આ વર્ષે સ્પર્ધાત્મક હાઉસ પ્રાઈમરી હારનારા DCCCના સમર્થનવાળા ત્રીજા ઉમેદવાર છે.

## પેજ 3

### 'કંઈક ખાઈ લો, હું તમને ખાવાનું મોકલી આપું': સલમાને સોનમ વાંગચુકને કહ્યું



મુંબઈ, તા. 23 ભારતમાં નીટ પેપર લીક બાદ વિદ્યાર્થીઓના વધતા ગુસ્સાને કારણે એક વિશાળ વિદ્યાર્થી આંદોલન શરૂ થયું, જે એટલું વધી ગયું કે લાખો વિદ્યાર્થીઓ દિલ્હીના રસ્તાઓ પર ઊતરી આવ્યા. પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જનો આશરો લીધો. સલમાન ખાને 22 જુલાઈની રાત્રે એક નિવેદન આપ્યું હતું અને આ એક ગંભીર મુદ્દો ગણાવ્યો હતો. સોનમ વાંગચુક પર ટિપ્પણી કરતાં અભિનેતાએ લખ્યું, ''સોનમ, બસ કર, મિત્ર. આ મુદ્દાને વધુ ખેંચીશ નહીં. તમે કંઈક ખાઈ લો. જો તમે ઇચ્છો તો હું મારા ઘરેથી તમારા માટે ભોજન મોકલી આપું.''

### વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ: બોલિવૂડના દિગ્ગજોએ અવાજ ઉઠાવ્યો

નવી દિલ્હી, તા. 23 (PTI) સલમાન ખાન, આલિયા ભટ્ટ, કરીના કપૂર ખાન, કમલ હાસન, અનુપમ ખેર, રત્ના પાઠક શાહ, સીમા પહવા અને રાજકુમાર રાવ સહિતના બોલિવૂડ દિગ્ગજોએ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ સામે અવાજ ઉઠાવ્યો છે અને સોશિયલ મીડિયા દ્વારા વિદ્યાર્થીઓની માંગણીઓનું સમર્થન કર્યું છે. સલમાન, શાહરૂખ અને આમિર સહિતની 'ખાન ત્રિપુટી'માંથી વિદ્યાર્થીઓની તરફેણમાં બોલનાર પ્રથમ કલાકાર બન્યો છે. સલમાને ખૂબ જ સંભાળીને આપેલા નિવેદનમાં બહેતર શિક્ષણ માટે યુવાનોની માંગને બિરદાવી હતી, સાથે જ આ 'આંદોલન'નું રાજનીતિકરણ ન થાય તે અંગે ચેતવણી પણ આપી હતી. એક્ટર અનુપમ ખેરે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને સૌથી નિષ્પક્ષ અને ઈમાનદાર ગણાવ્યું, સાથે જ તેમને બહારના રાજકીય પક્ષોના એજન્ડાથી સાવચેત રહેવાની સલાહ આપી હતી. બીજી તરફ, રત્ના પાઠક શાહે વર્તમાન પરિસ્થિતિની સરખામણી પૌરાણિક કથાના દ્રોણાચાર્ય સાથે કરી હતી અને સીમા પહવાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મોટા કલાકારોના મૌન પર સવાલો ઊભા કર્યા. એક્ટર અનુપમ ખેરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેર કરીને જંતર-મંતર પર સોમવારે થયેલા લાઠીચાર્જ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. વિદ્યાર્થીઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને શૈક્ષણિક સુધારાની માંગ કરી રહ્યા છે.

### વિજયની છેલ્લી ફિલ્મ: 'જના નાયગન' માટે વિશાળ જનમેદની ઊમટી



ચેન્નઈ/નવી દિલ્હી, તા. ૨૩ (પીટીઆઈ): ઈંતઝાર લાંબો હતો પણ સ્વાગત ધમાકેદાર રહ્યું. તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની બહુ-વિલંબિત છેલ્લી ફિલ્મ 'જના નાયગન' ગુરુવારે સિનેમાઘરોમાં રિલીઝ થઈ. દેશભરમાંથી તેમના ચાહકોએ 'થલપતિ'નું સ્વાગત ફટાકડા ફોડી, સંગીત અને ધામધૂમથી ઉજવણી કરીને કર્યું હતું. તમિલનાડુમાં વિજયના સમર્થકોમાં એકસાથે બે પ્રકારની લાગણીઓ જોવા મળી રહી હતી. સિનેમાઘરોની બહાર સમર્થકો નાચ્યા અને ગાયા, તેઓ એ વાતથી ખૂબ ખુશ હતા કે સેન્સર બોર્ડની અડચણો બાદ આખરે આ બહુ-વિલંબિત ફિલ્મ મોટા પડદા પર આવી ગઈ છે, છતાં તેઓ સ્પષ્ટપણે ભાવુક પણ દેખાતા હતા કારણ કે 'જના નાયગન' સિનેમા ક્ષેત્રે વિજયની વિદાય દર્શાવે છે. ચેન્નઈમાં મુખ્ય સિનેમાઘરો અભિનેતાના કોઈ મંદિર જેવા બની ગયા હતા.

## રાતા સમુદ્રમાં સાઉદી અરેબિયાના બે ઓઈલ જહાજો પર હુથીઓના હુમલા

**બંને** જહાજો પર આગ લાગી, જો કે કોઇ જાનહાનિના અહેવાલ નહીં

**સતત** ૧૨મી રાત્રિએ ઇરાન પર અમેરિકાના હુમલા, ગલ્ફના દેશો પર ઇરાનના વળતા હુમલા

### હુથીઓ જહાજો પર હુમલા ચાલુ રાખશે તો સખત લશ્કરી સજાની ટ્રમ્પની ધમકી

**હુથીઓના** હુમલા બદલ ઇરાનને પણ જવાબદાર ગણવામાં આવશે

કાહિરા, તા. ૨૩(એપી): અલ્ટીમેટમ આપતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે તેઓ યમનના હૂથી બળવાખોરોથી ખૂબ જ નિરાશ છે. તેમણે ચેતવણી આપી છે કે જો જહાજો પર તેમના હુમલા ચાલુ રહેશે, તો આ ઈરાન સમર્થિત બળવાખોરોને મોટી લશ્કરી સજા કરવામાં આવશે. ગુરુવારે સોશિયલ મીડિયા પર વાત કરતા પ્રમુખે કહ્યું કે, જો તેઓ ફરીથી આવું કરશે, તો અમેરિકા ઈરાનને જવાબદાર ગણશે, કારણ કે હૂથીઓ ઈરાનના સરોગેટ અને/અથવા પ્રોક્સી તરીકે કામ કરે છે. જેના કારણે ઈરાન અને સ્વાભાવિક રીતે હૂથીઓ બંને પર મોટો લશ્કરી પ્રહાર કરવામાં આવશે. ટ્રમ્પે જણાવ્યું કે ગત વર્ષે વ્યાપારી જહાજો પર થયેલા હુમલાના જવાબમાં યુએસ દ્વારા કરવામાં આવેલી એરસ્ટ્રાઈક પછી હૂથીઓ અત્યાર સુધી ખૂબ જ જવાબદારીપૂર્વક વર્તી રહ્યા હતા. તેમણે ઉમેર્યું, પરંતુ કમનસીબે, હવે તેઓએ ગઈકાલે રાત્રે સાઉદી અરેબિયાના બે જહાજો પર ગોળીબાર કરીને ફરીથી આ શરૂ કર્યું છે.

કૈરો, તા. 23(AP): ઈરાન સમર્થિત યમનના હૂથી બળવાખોરોએ ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે રાતા સમુદ્રમાં સાઉદી અરેબિયાના બે ઓઈલ ટેન્કરો પર હુમલો કર્યો છે. ઈરાન વિરુદ્ધ અમેરિકી સૈન્યના સતત 12મા રાત્રિ હુમલા વચ્ચે આ સ્થિતિ નવો મોરચો ખોલી શકે છે.

ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી દેવાને કારણે વૈશ્વિક અર્થતંત્ર પહેલેથી જ ડામાડોળ છે, ત્યારે હવે હૂથીઓએ અન્ય એક મહત્વપૂર્ણ વેપાર માર્ગ બંધ કરવાની ધમકી આપી છે. બીજી તરફ, શાંતિના સમયમાં વિશ્વના પાંચમા ભાગનું તેલ અને ગેસ જ્યાંથી પસાર થતું હતું તે સામુદ્રધુની પર નિયંત્રણ મેળવવા ઈરાન અને અમેરિકી દળો વચ્ચે હુમલાઓ વધુ તીવ્ર બન્યા છે, જેના કારણે વૈકલ્પિક માર્ગો શોધવાની હોડ જામી છે.

હૂથીઓની સબા ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે બળવાખોરોએ લાલ સમુદ્રમાં બે ટેન્કર 'એન્સેલિયા' અને 'લૈલા' (Layla) પર હુમલો કર્યો હતો, જેના કારણે બંનેમાં આગ લાગી હતી. જો કે, કોઈ જાનહાનિના અહેવાલ નથી.

## ભારતથી છેક દક્ષિણ કોરિયા સુધી ૧૦૦૦૦ કિમી લાંબો વાદળોનો પટો રચાયો

**ઉત્તર** ભારતથી શરૂ થઇને આ પટો ચીન અને છેક દક્ષિણ કોરિયા સુધી લંબાય છે

**આગામી** દિવસોમાં ઉત્તર અને મધ્ય ભારતમાં સારો એવો વરસાદ થવાની શક્યતા



નવી દિલ્હી, તા. તાજેતરની સેટેલાઇટ ઈમેજરીમાં ઉત્તર ભારતથી શરૂ થઈ હિમાલય, ચીન અને છેક દક્ષિણ કોરિયા સુધી વિસ્તરેલી ૭,૦૦૦થી ૧૦,૦૦૦ કિલોમીટર લાંબી એક અદ્ભુત વરસાદી પટ્ટી ઝડપાઈ છે, જે ૨૦૨૬ના દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના સૌથી સક્રિય તબક્કા દર્શાવે છે.

'મોનસૂન કન્વર્જન્સ ઝોન' તરીકે ઓળખાતી આ વિશાળ વાદળોની પટ્ટી હિંદ મહાસાગર પરથી આવતા ભેજયુક્ત પવનો અને સમગ્ર એશિયાની હવામાન પ્રણાલી વચ્ચેની આંતરક્રિયાને કારણે સર્જાઈ છે, જેણે હજારો કિલોમીટર સુધી વિસ્તરેલો વાદળો અને વરસાદનો એક લાંબો પટો બનાવી દીધો છે. હવામાનની આ અદ્ભુત સ્થિતિને કારણે સમગ્ર ભારતમાં અસાધારણ વરસાદ નોંધાયો છે.

વરસાદના અંદાજ મુજબ, છેલ્લા બે દિવસમાં દેશે તેના સામાન્ય દૈનિક ચોમાસાના વરસાદ કરતા લગભગ ૧૭૦-૧૮૦% વધુ વરસાદ નોંધાવ્યો છે, જેણે આ સીઝનનો અત્યાર સુધીનો સૌથી વધુ વરસાદી સમયગાળો બનાવ્યો છે. સેટેલાઈટ તસવીરમાં મધ્ય, ઉત્તર અને પૂર્વ ભારતનો મોટાભાગનો વિસ્તાર ઘાટા વાદળોથી ઢંકાયેલો જોવા મળે છે, જે ત્યારબાદ ઈશાન દિશા તરફ હિમાલયની પટ્ટી પાર કરીને ચીન અને જાપાન સુધી પહોંચે છે. અસમાન ચોમાસાની પ્રવૃત્તિને કારણે કેટલાક રાજ્યો વરસાદની અછતનો સામનો કરી રહ્યા હતા, તે પછી આ તીવ્ર વરસાદ એક આવકારદાયક રાહત બનીને આવ્યો છે. વરસાદના આ તાજેતરના રાઉન્ડથી ખાસ કરીને ઉત્તર અને મધ્ય ભારતમાં સિઝનના વરસાદના આંકડામાં નોંધપાત્ર સુધારો થવાની ધારણા છે.

## CJPના વિરોધ પ્રદર્શનો વચ્ચે ઉચ્ચ શિક્ષણ સચિવની બદલી

**વિનીત** જોશીને પંચાયતી રાજ મંત્રાલયમાં ખસેડવામાં આવ્યા, તેમના સ્થાને નરેશ પાલ ગંગવારને મૂકાયા

**ટી.કે.** અનિલ કુમારની શાળા શિક્ષણ સચિવ તરીકે નિમણૂક

નવી દિલ્હી: પેપર લીકને લઈને થઈ રહેલા ભારે વિરોધ પ્રદર્શનો વચ્ચે સરકારે એક મોટો નિર્ણય લેતા શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓની બદલીઓ કરી નાખી છે. ગુરુવારે મોડી રાત્રે બહાર પાડવામાં આવેલા એક સત્તાવાર સરકારી જાહેરનામા અનુસાર, ઉચ્ચ શિક્ષણ સચિવ વિનીત જોશીને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે અને તેમની જગ્યાએ નરેશ પાલ ગંગવારની નિમણૂક કરવામાં આવી છે. મણિપુર કેડરના 1992-બેચના અધિકારી જોશી, ઉચ્ચ શિક્ષણ વિભાગમાં સચિવ તરીકે કાર્યરત હતા. હવે તેમની પંચાયતી રાજ મંત્રાલયમાં સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમનું સ્થાન ગંગવાર લઈ રહ્યા છે, જેઓ પશ્ચિમ બંગાળ કેડરના 1994-બેચના અધિકારી છે. આ પહેલા તેઓ મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયના પશુપાલન અને ડેરી વિભાગમાં સચિવ રહી ચૂક્યા છે. આ ઉપરાંત ટી.કે. અનિલ કુમારની નિમણૂક શાળા શિક્ષણ સચિવ તરીકે કરવામાં આવી છે. આ હવાલો પણ અગાઉ વધારાના અખત્યાર તરીકે વિનીત જોષી જ સંભાળતા હતા. વિનીત જોષી અગાઉ એનટીએના ડીજી અને સીબીએસઈના અધ્યક્ષ પણ રહી ચુક્યા છે.

## ઈઝરાયેલને માન્યતા આપો: અણુ કરાર માટે ટ્રમ્પની સાઉદી સમક્ષ શરત

વૉશિંગ્ટન, તા. ૨૩: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે અમેરિકા-સાઉદી અરેબિયા પરમાણુ કરાર માટે એક નવી શરત મૂકી છે અને તે એ કે આ ગલ્ફ દેશ દ્વારા ઈઝરાયેલને માન્યતા આપવામાં આવે. ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે આ અણુ કરારને મંજૂરી આપવામાં આવશે, પરંતુ તે સંપૂર્ણપણે સાઉદી અરેબિયા અબ્રાહમ એકોર્ડ્સમાં જોડાય તેના પર નિર્ભર છે. યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી અને સાઉદી અરેબિયા વચ્ચે થઈ રહેલો સિવિલ ન્યુક્લિયર કરાર, જે માત્ર બિન-સૈન્ય ઉપયોગ સાથે સંબંધિત છે – જેમ કે ઈરાન અને યુએઈ પાસે પહેલેથી જ છે – તેને મંજૂરી આપવામાં આવશે, પરંતુ તે સાઉદી અરેબિયા ખૂબ જ સન્માનિત અને સફળ 'અબ્રાહમ એકોર્ડ્સ'માં જોડાવા પર સંપૂર્ણપણે આધારિત છે.


